# ‘જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી...’

ગાંધીનગર, તા. ૨

કવિ કલાપીનો એકલાં પુસ્તકોથી જીવી લેવાનો સંકલ્પ અજાણતાં જ જેના જીવનમાં સાકાર થતો વરતાય છે એવા આપણી ભાષાના લાડકા લેખક ડૉ. કેશુભાઈ દેસાઈ આજે પાંસઠમાં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. મેઘાવી

કારકિર્દી ધરાવતા આ સર્જક વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ૧૯૭૨ના વર્ષમાં એમ.બી; બી.એસ. થઈ સતલાસણા અને તલોદ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં તબીબી પ્રેક્ટિસ કરતાં કરતાં ક્યારે સાહિત્યની દુનિયા તરફ ફંટાઈ ગયા, એની પણ આગવી કથા છે. ડૉ. કેશુભાઈ દેસાઈએ તાજેતરમાં પ્રકાશિત થયેલી એમની યશસ્વી નવલકથાઓ ‘વ્હાઈટ હાઈસ’ અને ‘કબૂલાતનામુ’ સહિત કુલ પંચોતેર જેટલા ગ્રંથો આપ્યા છે. એમણે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના સૂત્રધાર તરીકે તેમજ જ્ઞાનપીઠ પારિતોષિક ચયન સમિતિના સભ્ય તરીકે યાદગાર સેવાઓ આપી છે. હાલ તેઓ એમની મહત્વાકાક્ષી મહાનવલ (‘સાગા’) ‘કાળ ચોઘડિયું’ પર કામ કરી રહ્યા છે. એમના સાહત્ય પર વિવિધ યુનિવર્સિટીઓમાં ઊંડું સંશોધનકાર્ય ચાલી રહ્યું છે. હિંદી જગતના વિદ્વાનો એમને પ્રેમચંદ અને શરદબાબુની સાથે સરખાવે છે. ગુજરાતી ભાષાને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવામાં એમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ડૉ. કેશુભાઈ દેસાઈને ‘ગાંધીનગર સમાચાર’ સમગ્ર નગર વતી અંતઃકરણની શુભકામનાઓ પાઠવે છે. જન્મ દિવસે મૌન પાળતા હોઈ ડૉ. કેશુભાઈ દેસાઈનાં સંપર્કસૂત્ર છે.

# કાયદાઓ ઘડવામાં આવ્યા બાદ નિયમો ઝડપથી ઘડવા વિભાગોને કરાયેલી તાકીદ

ગાંધીનગર, તા. ૨

કાયદાઓ ઘડવામાં આવ્યા બાદ એ કાયદાઓ અંગે નિયમો ઘડવામાં ન આવતાં કેટલાક કાયદાઓનું અમીલકરણ વિલંબમાં પડી જવા પામ્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોદ્વારા નવા નવા કાયદાઓ ઘડવામાં આવે છે. આ કાયદાઓને વિધાનસભામાં રજુ કરીને મંજુરી મેળવવામાં આવે છે. કાયદાઓ ઘડવામાં આવ્યા બાદ જે તે વિભાગો દ્વારા આ કાયદાઓના અમીલીકરણ માટે નિયમો ઘડવાના હોય છે. અને ત્યારબાદ જ આ કાયદાઓ અમલી બનાવી શકાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં સરકાર કક્ષાએ વિભાગો દ્વારા ઘડવામાં આવેલ નવા કાયદાઓના અમલવારી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન સરકારને એવું ધ્યાન પર આવ્યું હતું કે કેટલાક વિભાગો દ્વારા કાયદાઓ ઘડવામાં આવ્યા બાદ આજદિન સુધી નિયો જ ઘડવામાં આવ્યા નથી. આ બાબતની રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને વિભાગોને કડક તાકીદ કરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે જે વિભાગો દ્વારા નવા કાયદાઓ ઘડવામાં આવ્યા છે તે કાયદાઓ અંગેના નિયમો ઘડવામાં આવ્યા ન હોઈ તો આ અંગે તાકીદે સંસદીય બાબતોના વિભાગ સાથે પરામર્શ કરીને તાકીદે નિયમો ઘડવાની પ્રક્રિયા હાથ ધરીને જાહેર કરવામાં આવે જેથી કરીને ઘડવામાં આવેલા કાયદાઓ અમલી બનાવી શકાય.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમય દરમ્યાન ઘડવામાં આવેલ કાયદાઓ પૈકી ચાર થી વધુ કાયદાઓ અંગે હજુ નિયમો જ ઘડવામાં આવ્યા નથી.

## એસ.જી. ઈંગ્લિશ મિડીયમ શાળાના શિક્ષકોનો ત્રિ દિવસીય ઈંગ્લિશ લેંગ્વેજ લેબ ટીચીંગ વર્કશોપ યોજાયો

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ ૩માં આવેલી કડીસર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડીયમ શાળાના મોર્નિંગ સેશન અને આફ્ટરનૂન સેશનના શિક્ષકોનો ત્રિ-દિવસીય ઈંગ્લિશ લેંગ્વેજ લેબ ટીચીંગ વર્કશોપ સફળતાપૂર્વક તાજેતરમાં સંપન્ન થઈ ગયો. વર્ડ વર્થ દ્વારા સમગ્ર કાર્યક્રમની સફળતાપૂર્વક તાલીમ અપાઈ હતી. આજના ઝડપથી વિકસતા યુગમાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી રહી છે. કમ્પ્યૂટર અને ઈન્ટરનેટના માધ્યમથી કોઈપણ વ્યક્તિ જ્ઞાનના દરિયાને ડહોળી પ્રકાશનો પૂંજ મેળવી શકે છે. શાળાના શિક્ષકોમાં આ પ્રકારનું જ્ઞાન વિકસે તથા બાળકો અંગ્રેજી ભાષાને ખૂબજ ઝડપથી અને સરળતાથી શીખી શકે તે માટે ઓડિયો-વિઝ્યુઅલ સાથે શિક્ષકોને ઈંગ્લિશ લેંગ્વેજ લેબ ટીચીંગ વર્કશોપમાં જોડવામાં આવ્યા હતા. દરેક શિક્ષકે તા. ૨૯, ૩૦ એપ્રિલ અને ૧ લી મે દરમિયાન ઈંગ્લિશ ભાષાનો વર્કશોપ માણ્યો હતો. જ્ઞાન સાથે ગમ્મત કરાવે એવા સોફ્ટવેર-અંગ્રેજી ભાષાના સોફ્ટવેરને શાળામાં લાવી તેના દ્વારા આગામી દિવસોમાં બાળકોને શિક્ષણ આપવાનો એક ઉપક્રમ શાળાના આચાર્યા મિલિસિંહ દ્વારા ગોઠવવામાં આવ્યો છે. ત્રિ-દિવસીય વર્કશોપમાં શિક્ષકોએ અંગ્રેજી ભાષાનો મહાવરો બાળકોને કમ્પ્યૂટર દ્વારા કેવી રીતે કેળવી શકાય તે મેળવ્યો હતો. એસ.જી.ઈંગ્લિશ મિડિયમ શાળાના આચાર્યા મિલિસિંહના માર્ગદર્શન હેઠળ શાળાના અંદાજીત ૫૫ શિક્ષકોએ ત્રિ દિવસના સેમિનારને સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

# મિકેનીકલના વિદ્યાર્થીઓએ રજુ કરેલા પોતાના સંશોધનો

### ગાંધીનગર આઈઆઈટીના વિદ્યાર્થીઓએ ડાંગર માટેની વાવણીનું યંત્ર વિકસાવ્યું : ૧૫ વિદ્યાર્થી દ્વારા પ્રોજેક્ટ રજુ

આઈઆઈટી ગાંધીનગર ખાતે મિકેનીકલ ડિપાર્ટમેન્ટમાં કાઈનેમેટિક્સ એન્ડ ડાયનેમિક્સ ઓફ મશીન વિષય અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ સંશોધનોને પ્રેરણા આપવાનાં ઉદેશ્યની એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોલેજનાં ૧૫ વિદ્યાર્થીએ પોતે બનાવેલા પ્રોજેક્ટો રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓ દીપેશ દયામા અને ભાવિન ચૌહાણે ડાંગરની ખેતી ઉપર બનાવેલા એક યંત્રએ મુલાકાતીઓનું ધ્યાન ખેચ્યું હતું. યંત્રની ખાસીયત એ છે કે તેની મદદથી ડાંગરની વાવણી કરતા સમયે ખેડૂતોએ વાંકાવળીને કામ કરવું પડતું નથી. એટલું જ નહીં આ યંત્રની મદદથી એક સાથે ડાંગરની ચાર ઝુડી વાવી શકાય છે આ યંત્રની સોધ કરનાર દીપેશે હતું કે હું જ્યારે નાનો હતો ત્યારે મારા પિતાને ઘરે ડાંગરની વાવણી કરતો જોતો હતો.

ડાંગરની વાવણી કરતા સમયે તેઓ સતત વાંકી કેડે કામ કરતા હતા. એટલું જ નહીં ડાંગરનો એક એક છોડનું વાવેતર કરવાનું હોવાથી વાવણીના કામમાં તેમનો ખાસો સમય વેડફાતો હતો. જેનાં કારણે મેં બાળપણમાં જ પિતાને ખેતીમાં મદદરૂપ થાય તેવું યંત્ર બનાવવાનો નિર્ણય કર્યો હતો. તેવામાં જ્યારે મને કોલેજમાં મોકો મળ્યો ત્યારે આ યંત્રનું નિર્માણ કર્યું છે. વિદ્યાર્થીઓએ યંત્રને કોસ્ટ રાઈટ્સ ટ્રાન્સપ્લાન્ટ એવું નામ આપ્યું છે. એક વિદ્યાર્થીના સંશોધને લોકોનું ધ્યાન ખેચ્યું હતું. વિદ્યાર્થીઓ સ્પિટ બ્રેકરમાંથી વિજલી મેળવવી શકાય તેવું યંત્ર બનાવ્યું છે. પુરષોત્તમલાલ અને નવનીત મીના નામનાં વિદ્યાર્થીઓએ બનાવેલ આ યંત્રને કોમ્પ્યુટરના કી બોર્ડની જેમ ડીઝાઈન કરવામાં આવ્યું છે. જેની મદદથી જ્યારે કાર સ્પિટ બ્રેકર ઉપરથી પસાર થાય ત્યારે કારની ગતિવિધીની મદદથી યંત્રની મદદથી ડાયનેમોમાંથી વિજળી ઉત્પન્ન કરી શકાય છે.

## શબ્દાવલી - ૫૦૫૩



### આડી ચાવી

૧. ભારતની વસ્તુ બહાર મોકલવી તે (૩)
૩. ઘડો ડૂબી જાય તેટલું પાણી (૪)
૬. સોગન, કસમ (૨)
૭. ઉપકાર, આભાર (૩)
૮. ઉપકાર, આભાર (૨)
૯. રેતીનું મોટું મેદાન (૨)
૧૦. કિસ્મત, ભાગ્ય (૪)
૧૧. ... માં ખેતી થાય (૩)
૧૩. વાપરવું, પસાર કરવું,.. કરવું (૩)
૧૭. ગુંડો, કાળા કામો નો કરનાર (૩)
૧૮. ઉત્કંઠા, આતુરતા (૪)
૨૧. એક ખાસ પ્રકારનું થાંભલાવાળું બાંધકામ (૩)
૨૨. રેખા, લીટી (૩)
૨૩. નાકથી ... લેવાય જેનાથી જીવન ચાલે (૨)

### ઊભી ચાવી

૧. સીડી, દાદર (૪)
૨. ... કરવા, જાદુ કરવું (૩)
૩. ઘડવું, ... કરવું (૪)
૪. ડરપોક, ઘુંટાઈ ઘુંટાઈને જીવતું (૪)
૫. રાહ, પથ (૩)
૧૧. ખેડૂતો... ઉપર નભે છે (૩)
૧૨. વધારમાં રાઈ તતડવાનો અવાજ (૪)
૧૫. નડતર (૪)
૧૬. મારવું, તે... કરવી (૩)
૧૯. હાથનું ઘરેણું (૨)
૨૦. લાંબા લખાણનો ટૂંકમાં ભાવાર્થ (૨)

### શબ્દાવલી ૫૦૫૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) સજીવારોપણ (૫) જસ (૬) ભાગેડુ (૭) કજરારી (૧૦) સકામ (૧૨) બંધુક (૧૩) પ્રહર (૧૪) લાંબા (૧૫) યોજના (૧૭) કામના (૨૦) આગ (૨૧) રસોળી

**ઊભી ચાવી :-** (૧) સદ્‌ભાગ્ય (૨) વાયડુ (૩) પટાક (૪) બંસરી (૫) જરા (૮) જળબંબાકાર (૯) જામ (૧૦) સહયોગ (૧૧) કારજ (૧૬) નાક (૧૮) મસો (૧૯) નાળી

### જીટીયુ દ્વારા પ્રવેશ પ્રક્રિયામાં પાંચ ફેરફાર કરાયા

# નવા સત્રથી ફેરફારોની સાથે વિદ્યાર્થીઓને પ્રવેશ ફળવાશે

અમદાવાદ, તા.૦૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયામાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા છે. અને જે મુજબ આગામી સત્રથી વિદ્યાર્થીઓને જીટીયુ સલગ્ન કોલેજોમાં પ્રવેશ આપવામાં આવશે જેનાં મુખ્યત્વે સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટામાં પાંચ ટકા બેઠકો ઉપર બહારના રાજ્યોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

વર્ષ ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ માટે જીટીયુની પ્રવેશ સમિતી દ્વારા પ્રવેશ નિયમોમાં પાંચ ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્ય બહારનાં વિદ્યાર્થીઓને આકર્ષવા માટે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટામાંથી પાંચ ટકા બેઠકો બહારના રાજ્યો માટે અનામત રાખવામાં આવી છે. આ ઉપરાંત વર્ષોથી સેન્ટ્રલ બોર્ડ અને ગુજરાત શિક્ષણ બોર્ડનું મેરીટ અળગ અલગ બનતું હતું જે વચ્ચેથી કોમન મેરીટના આધારે પ્રસન્ટાઈલના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. ત્રીજા ફેરફારમાં હવેથી એન્જિનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે અલગ અલગ ફોર્મ ભરવું પડશે. ધોરણ-૧૨ સાયન્સનાં બી ગ્રુપના વિદ્યાર્થીઓને ગુજકેટ જ્યારે એ ગ્રુપના વિદ્યાર્થીઓને જેઈએફની પરીક્ષાના આધારે પ્રવેશ ફળવાતો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ ફાર્મસીના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નવું ફોર્મ ભરવું પડશે. અન્ય એક સુધારામાં ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી અને પંડીત દિનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટીઓમાં પણ હવે જેઈએફની પરીક્ષાના આધારે જ પ્રવેશ ફાળવવામાં આવશે અને વિદ્યાર્થીઓ જીટીયુમાં ભરેલા ફોર્મના આદારે જ આ પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં પ્રવેશ ફળવાશે જ્યારે પાંચમાં સુધારામાં જીટીયુએ પ્રવેશ મેળવવા માંગતા ૨૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને રૂપિયા ચાર લાખ સુધીની સબસીડી યુક્ત લોન આપવામાં મદદ કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ ટ્યુશન ફી, એકઝામીનેશ ફી, હોસ્ટેલ ફી અને સ્ટેશનરી ફી માટે અરજી કરી શકશે. આ લોન મેળવવા માટે વિદ્યાર્થીઓએ કોઈ ગેરંટર રજુ કરવાનો રહેતો નથી. આ ઉપરાંત તેનું વ્યાજ પણ કેન્દ્ર સરકાર સબસીડીનાં રૂપમાં ચુકવશે. આ અંગે જીટીયુના પ્રવેશ સમિતીનાં મેમ્બર સેક્રેટરી એમ.એન. પટેલે જણાવ્યું હતું કે વર્ષોથી પ્રવેશ પ્રક્રિયાનાં અનુભવના આધારે સુધારા કરવામાં આવે છે. જે મુજબ વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રવેશ માટે ૩૦ એપ્રિલના રોજ સુધારાની યાદી મંજુરી માટે મોકલાઈ હતી. જેને મંજુરી મળતા નવા વર્ષથી જીટીયુની પ્રવેશ પ્રક્રિયામાં પાંચ સુધારા કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય ચે કે જીટીયુની કુલ ૫૭૭૩૦ સીટો હતી. તેમાંથી ગત વર્ષે ૮૦૦૦ જેટલી સીટો ખાલી રહી હતી. ઉપરાંત આ વર્ષ નવી ૮૦૦૦ સીટોની મંજુરી મળી છે જેનાં કારણે આ સીટો વિદ્યાર્થીઓને આકર્ષવા માટે અને પ્રવેશ પ્રક્રિયાને વધુ સરળ બનાવાઈ હોવાનો દાવો પ્રવેશ સમિતી દ્વારા કરવામાં આવ્યો છે.

સરબજીતસિંહના પાકિસ્તાની હોસ્પિટલમાં મોત થયા બાદ જુદા જુદા ક્ષેત્રોના લોકોએ દેખાવો કર્યા હતા આ ઉપરાંત સરબજીતને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

# ઈશરત કેસમાં પાંડેની ધરપકડ કરવા વોરંટ જારી થતા ચકચાર

### સીબીઆઈ દ્વારા દાખલ કરાયેલી રિવિઝન અરજી બાદ

### વોરન્ટ જારી કરાયુ : પાંડેની ધરપકડ કરવા ટીમ રવાના

અમદાવાદ, તા.૦૨

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં આઈ.પી.એસ. ઓફિસર પી.પી. પાંડેની ધરપકડ કરી પુછપરછ કરવા અંગે સીબીઆઈ દ્વારા દાખલ કરેલ રિવિઝન અરજીમાં સીબીઆઈ કોર્ટે પી.પી. પાંડેની ધરપકડ કરવા વોરંટ ઈશ્યુ કર્યું છે. સીબીઆઈ ગમે ત્યારે પી.પી. પાંડેની ધરપકડ કરશે. સીબીઆઈની એક ટીમ પાંડેની ધરપકડ કરવા યુપી રવાના થઈ છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા ચાર ત્રાસવાદીઓ આવી રહેલા હોવાની બાતમીનો આધાર લઈ ઈશરત જહાં સહિત ચાર શખ્સોને એન્કાઉન્ટરમાં ઠાર મારવાના કેસમાં સીબીઆઈ તપાસ ચલાવી રહેલ છે. અત્યાર સુધી સીબીઆઈએ ઘણા પોલીસ અધિકારીઓની પુછપરછ કરી જેલના સળીયા પાછળ ધકેલા છે. સીબીઆઈ પી.પી. પાંડેની ઈશરત જહાં એન્કાઉન્ટર પહેલા તેમના દ્વારા થયેલ ચારેય શખ્સોની પુછપરછ અંગે માહિતી મેળવવા માંગે છે કેમ કે જ્યારે એન્કાઉન્ટર થયું એ દિવસ પહેલાની રાત્રે પી.પી. પાંડે ક્રાઈમ બ્રાન્ચની ઓફીસમાં આ ચારેય શખ્સોની પુછપરછ કરી હતી અને બીજા દિવસે ચારેય શખ્સો એન્કાઉન્ટરમાં ઠાર મરાયા હતા.

ઈશરત જહાં એન્કાઉન્ટરમાં પુછપરછ અર્થે સીબીઆઈએ પી.પી. પાંડેને બે વખત સમન્સ પાઠવ્યું હતું પરંતુ તે હાજર ન રહેતા સીબીઆઈએ તેની ધરપકડ કરવા કોર્ટમાં અરજી દાખલ કરી હતી. કોર્ટે તે અરજી ફગાવી દેતા. સીબીઆઈએ પી.પી. પાંડેની ધરપકડ કરવા રિવિઝન અરજી કરી હતી. સીબીઆઈ વતી એવી દલીલો કરવામાં આવી હતી કે બે વખત સમન્સ બજાવ્યા છતાં પી.પી. પાંડે હાજર થયા નહોતા મોબાઈલ સંપર્ક કરતા મોબાઈલ પણ નોટ રિચેબલ આવે છે. તેથી ધરપકડ સિવાય કોઈ વિકલ્પ અમારી પાસે રહેતો નથી તેથી પી.પી. પાંડેની ધરપકડ કરવા કોર્ટ વોરંટ કાઢે એ અમારી અપીલ છે. કોર્ટે સીબીઆઈની દલીલો સાંભળી રિવિઝન અરજી પર પી.પી. પાંડેની ધરપકડ કરવા વોરંટ ઈશ્યુ કર્યું છે.

# વીએસના કેમ્પસમાં હવે ૩૩૧ કરોડના ખર્ચે હોસ્પિટલ બનશે

### સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયનસીસ નામ અપાશે : નવી હોસ્પિટલ ખાતે કુલ ૧૪૫૦ બેડની ક્ષમતા

અમદાવાદ, તા.૦૨

મ્યુનિસિપલ કોર્પોરેશન એલીસબ્રીજ વિસ્તારમાં એએમસી મેટ દ્વારા તૈયાર થનાર નવા મલ્ટીસ્ટોરીડ મલ્ટી સ્પેશીઆલીટી હોસ્પીટલ ભવનને આજે મળેલી સ્ટેન્ડીંગ કમિટીમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રિસર્ચ નામાભિકરણ કરવા નિર્ણય કરવામાં આવ્યો છે. નવું મલ્ટીસ્ટોરીડ હોસ્પીટલ બિલ્ડીંગ (૩ ટાવર) અંદાજીત ૭૦ મીટરની હાઈટ - બે બેઝમેન્ટ ગ્રાઉન્ડ ફલોર તેમજ ઉપર ૧૬ ફલોર એમ કુલ ૧૯ ફ્લોરનું બાંધકામ ધરાવતું હશે તેમજ અત્યંત ઈમર્જન્સી માટે ટેરેસ ઉપર હેલીપેડ અને એમ્બુલન્સની સુવિધા હશે. ગ્રીન સસ્ટેઈનેબલ નોર્મ્સ મુજબ બિલ્ડીંગ તૈયાર કરવામાં આવનાર છે. નવા બિલ્ડીંગમાં જુદા જુદા વિભાગ સાથે ૩૬ ઓપરેશન થીએટર ૧૪૫૦ બેડ કેપેસીટી ધરાવતું બિલ્ડીંગ હશે.

અંદાજીત ૩૩૧ કરોડનાં ખર્ચે આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવશે. મેયર મીનાક્ષીબહેન પટેલ અને સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ભારતની આઝાદીની ચળવળમાં સત્યાગ્રહ અને અસહકારના આંદોલનમાં ભાગ લેતા સ્વયં સેવકોને જરૂર પડે સરકારી હોસ્પીટલમાં યોગ્ય સારવાર મળતી ન હતી તે બાબત લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના ધ્યાને આવતા સરદાર વલ્લભાઈ પટેલની પ્રેરણાથી આ હોસ્પીટલ અસ્તિત્વમાં આવી હતી અને મહાત્મા ગાંધીજીએ તા. ૨૭-૧-૧૯૩૩ના રોજ હોસ્પીટલની મુલાકાત લીધી હતી અને તેમણે લખ્યું હતું કે, "સરદાર વલ્લભભાઈનો જય હોય આ ઈસ્પિતાલ જોઈને હું રાજી થયો છું" લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિ આ કેમ્પસ સાથે સંકળાયેલી છે જેને કાયમ રાખવા નવા તૈયાર થનાર કેમ્પસને સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે જોડવાનો નિર્ણય અમદાવાદ મ્યુ. કોર્પોરેશને કર્યો છે.

## મિલ્કત વેરાની વસુલી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભરવા માટેની રજુઆત દરખાસ્ત કરવામાં આવી છે.

મહાનગરપાલિકા એ મિલ્કતવેરાની વસુલી માટેનો જે લક્ષ્યાંક રાખ્યો હતો તેની સામે ૩૦ ટકા જેટલી જ વસુલી થવા પામી છે. મનપાની સ્ટેન્ડીંગ કમિટીએ પણ અંદાજપત્રમાં દંડનીય કાર્યવાહી કરવા માટેની સત્તા મ્યુનિ. કમિશનરને આપી છે. બીજી તરફ મ્યુનિ. કમિશનરશ્રીએ પણ મિલ્કતવેરાની વસુલીને અસરકારક બનાવવાની વાત તેમના ડ્રાફ્ટ બજેટમાં કરી હતી.

મહાનગરપાલિકાએ ૩૧મી માર્ચ પુરી થતાં બાકી મિલ્કતધારકોની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરી હતી. છેવટે આ યાદી તૈયાર થઈ ગઈ છે હવે આખી દરખાસ્ત મ્યુનિ. કમિશનરશ્રીની મંજૂરી માટે રજુ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ તંત્ર દ્વારા મિલ્કત વેરાની વસુલી માટે પુરતી તકો આપવામાં આવી છે. આમ છતાં હજુ પણ ભરવાની દરકાર નહિ કરનારાઓ સામે આકરા પગલાં એ જ વિકલ્પ છે. એટલા માટે તંત્ર એ મુદત દરમિયાન જો વેરો ભરી દેવામાં આવે તો માત્ર ૧૮ ટકા દંડનીય વ્યાજ વસુલ કરવાનો વિકલ્પ અપનાવ્યો છે.

તંત્ર દ્વારા દરખાસ્ત ને મંજૂરી મળી જતાં જ નોટીસો આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને મે ના અંત સુધીમાં જો કોઈ આ વેરો નહિ ભરે તેવા મિલ્કતધારકો સામે સિલીંગ સહિતના પગલાં લેવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આવી જ પ્રથા જે ભાડુ વસુલ કરવામાં આવે છે તેવા લારી ગલ્લાઓને પણ લાગુ કરાશે. મિલ્કતવેરાની વસુલી માટે તંત્ર એ આકમક વલણ અખત્યાર કરવા માટે મન બનાવી લીધાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

મિલ્કતવેરાની વસુલી ૮ કરોડ જેટલી જ થઈ છે. જે વસુલી રૂ. ૩૦ કરોડ જેટલી થવાનો અંદાજ હતો. બીજી તરફ આકારણીને લઈ હવે કોઈ જ પ્રશ્નો કે રજુઆતો પડતર નહિ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## સંત સરોવરની રોનક

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બેરેજ ટાઈપ સ્ટ્રક્ચર બનાવવા રૂ. ૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. સંત સરોવર બેરેજની લંબાઈ ૪૩૪.૦૮ મીટર રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વરસાદના ૮૦ લાખ ઘન મીટર પાણીનો સંગ્રહ થઈ શકશે.

પાણીના સંગ્રહના લીધે આડબંધના ઉપરવાસમાં ૬ કી.મી. લંબાઈમાં સરોવરનું નિર્માણ થશે. ગુડા હસ્તગત ૪૮૦૦ હેક્ટર જમીનમાં પાણી રીચાર્જ થતા ભૂગર્ભ જળના તળ ઉંચા આવશે. જેથી ખેડૂતોને પણ સિંચાઈનો લાભ મળશે. હાલ સંતસરોવરની સાઈટ પર સાઈડ બાંધવાનું કામ ચાલુ છે. જે માટે ૩૦૦ જેટલા મજુરો પણ કામે લાગ્યા છે. સંત સરોવર યોજનાનું કામ પૂર્ણ થતા બે વર્ષનો સમય લાગશે.